# મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો



ચિલોડા, તા. ૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરાના બીએ., એમએ., વિદ્યાશાખાના ઈતિહાસ અને સંસ્કૃતિ વિષયના પ્રાધ્યાપક ડૉ. કનૈયાલાલ નાયકની બદલી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ - અમદાવાદ થતાં શુભેચ્છા સમારોહ યોજાયો. આદરણીય કુલનાયક ડૉ. અનામિકભાઈ શાહે ઓનલાઈન શુભેચ્છા પાઠવી હતી. ડૉ. કનૈયાલાલ નાયકે પોતાના અધ્યાપન કાર્ય દરમિયાન ૨૫ લેખો પ્રસિદ્ધ કર્યા છે.

તેમણે ૦૨ પુસ્તકો લખ્યા છે. અને ૨૫ સંશોધન લેખો લખ્યા છે. અધ્યાપકોના પ્રતિભાવો બાદ ગાંધીનગર સમાચારના પત્રકાર નટુભાઈ પટેલે ઉપસ્થિત રહી શુભેચ્છા આપી હતી. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે શુભેચ્છા આપતા જણાવ્યું કે ડૉ. કનૈયાલાલ નાયક સમયપાલનમાં ચુસ્ત, અધ્યાયનકાર્યમાં ઉત્તમ અને કર્મઠ હતા.

સમારોહના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ વહીવટી કાર્યમાં પડતી મુશ્કેલીઓ અંગે વાર્તાલાપ કર્યો. સભાનું સંચાલન ડૉ. મોતીભાઈ દેવુએ કર્યું. ગૃહપતિ મોહનભાઈ પટેલે આભાર વિધિ કરી હતી. સ્વાગત પ્રવચન ડૉ. રાજેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું.

## ગુજરાત કેમીકલ પોર્ટ લિમિટેડ દ્વારા

# મુખ્યમંત્રી રાહતનિધિમાં રૂ. પાંચ કરોડનો ચેક મુખ્યમંત્રીને કોરોના ફંડ માટે અર્પણ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ગુજરાત કેમીકલ પોર્ટ લિમીટેડ દ્વારા રૂ. પાંચ કરોડનો ચેક પ્રવર્તમાન કોરોના વૈશ્વિક મહામારી સામે લડવા માટે મુખ્યમંત્રી રાહતનિધિમાં રાહત ફાળા પેટે અર્પણ કરવામાં આવ્યો હતો.

ગુજરાત કેમીકલ પોર્ટ લિમિટેડના ચેરમેન શ્રીમતી અવંતિકાસિંઘ અને મેનેજિંગ ડિરેકટર હેમંત દેસાઈએ કંપનીની સોશિયલ રિસ્પોન્સીબિલીટી- સામાજીક સેવા ઉત્તરદાયિત્વ રૂપે મુખ્યમંત્રીશ્રી રાહતનિધિમાં આ રાશિ અર્પણ કરી હતી.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, વર્ષ ૨૦૦૦થી ગુજરાત કેમીકલ પોર્ટ લિમીટેડ એ ખંભાતના અખાતમાં ભરૂચ જિલ્લામાં આવેલ દહેજ ખાતે મહત્વપુર્ણ કોમર્શીયલ બંદર તરીકે કાર્યરત છે.

ગુજરાત સરકારના એકમો ગુજરાત મેરીટાઈમ બોર્ડ (GMB), ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કંપની લીમીટેડ (GNFCL), ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ લીમીટેડ (GACL), ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ લીમીટેડ (GSFCL), ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લીમીટેડ (GIICL), ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GIDC) તથા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીસ લીમીટેડ (RIL)નું આ સંયુકત સાહસ છે.

ગુજરાત કેમીકલ પોર્ટ લીમીટેડ સુરક્ષા અન્વયે ભારતીય તથા વૈશ્વિક નિયમો મુજબ આધુનિક સુસજ્જ સાધન-સામગ્રી ધરાવતુ બંદર છે તે પેટ્રોલીયમ, કેમીકલ અને પેટ્રો કેમીકલ પ્રોડકટસની આયાત નિકાસ માટે મહત્વની માળખાકીય સુવિધા ધરાવે છે.

# મગોડી સ્થિત પી આર ઠક્કર વિદ્યાવિહારના શિક્ષક જે બી પેટલની જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી



ચિલોડા, તા. ૧

પી આર ઠક્કર વિદ્યાવિહાર મગોડીના માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૦ માટે શિક્ષક જશવંતભાઈ બાબુભાઈ ચૌધરીની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થયેલ છે. તેઓ દ્વારા ખેલ-મહાકુંભ ૨૦૧૦થી ૨૦૧૯ સુધી વિદ્યાર્થીઓ, ગામની બહેનો, સિનિયર ભાઈઓની ઉત્સાહી રમતવીરોની ટીમોને શાળા સમય બાદ સઘન તાલીમ આપી મેડલ પ્રાપ્ત કરી આશરે (પાંચ) લાખ રૂપિયા જેટલી ધનરાશી વિદ્યાર્થીઓને અપાવી પ્રોત્સાહિત કર્યા હતા.

તેમનું ખેલ-મહાકુંભ સ્પર્ધામાં ગાંધીનગર તાલુકાની શ્રેષ્ઠ શાળા તરીકેની પણ સિદ્ધિ અપાવવામાં વિશેષ યોગદાન રહેવા પામ્યું છે. તાલુકા - જિલ્લા, રાજય તથા રાષ્ટ્રકક્ષા સુધી વિદ્યાર્થીઓને તૈયાર કરી મોકલવામાં તેમનો વિશેષ ફાળો છે.

વર્ષ ૨૦૧૯માં ગુજરાત સરકાર આયોજિત રસ્સાખેંત સ્પર્ધામાં અન્ડર-૧૭ ભાઈઓના વિભાગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવામાં તેઓનું વિશેષ યોગદાન રહ્યું છે. જશવંતભાઈ ચૌધરીએ ૨૦૧૭માં દિલ્હી મુકામે યોજાયેલ ૬૩મી નેશનલ સ્પર્ધામાં અન્ડર-૧૭ રસ્સાખેંચમાં ગુજરાત રાજયના કોચ તરીકે વિશિષ્ટ સેવા આપેલ છે. શૈક્ષણિક ક્ષેત્રે પણ તેઓના વિષયનું પરિણમ સો ટકા લાવવામાં શ્રેષ્ઠ ફાળો રહ્યો છે. શ્રેષ્ઠ શિક્ષક તરીકેની પસંદગી તથા શાળાનું અને જિલ્લાનું નામ રોશન કરવાથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# પેથાપુરમાં દિગમ્બર જૈન તપસ્વીઓ દ્વારા ઘરેથી જ તપ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧

પવિત્ર એવા પર્યુષણના મહાપર્વ દરમિયાન દિગમ્બર જૈન તપસ્વીઓ દ્વારા ઘરે રહીને પણ ધર્મ આરાધના સાથે વિવિધ વ્રત કરવામાં આવ્યા હતા.

શ્રી પાર્શ્વનાથ દિ. જૈન ચૈત્યાલય, પેથાપુરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રેયાંસ કોઠારીના જણાવ્યા અનુસાર પર્યુષણ મહાપર્વ તા. ૨૩મી ઓગસ્ટથી, ૧લી સપ્ટેમ્બર દરમિયાન તપસ્વીઓ દ્વારા સોલાહકરણ વ્રત, દશ ઉપવાસ, દસ લક્ષણી જેવા વિવિધ દરેક તપસ્વીને પેથાપુર દિગમ્બર જૈન સમાજ વતી જય જિનેન્દ્ર પાઠવ્યા હતા.




# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા 'જર્નાલિઝમ ક્ષેત્રે કારકિર્દીની તકો' વિષય પર વેબિનારનું આયોજન




ગાંધીનગર,તા. ૧

હાલની પરિસ્થિતિ ને જોતાં દેશ-વિદેશમાં શૈક્ષણિક ક્ષેત્રની તમામ કામગીરી અટકી ગઈ છે ત્યારે વિદ્યાર્થીઓનાં અધ્યયનમાં સાતત્ય જાળવવા આધુનિક ટેકનોલોજીઓ અને યુક્તિઓ દ્વારા ઓનલાઈન વ્યાખ્યાનો (ઓનલાઈન સેમિનારો) યોજવામાં આવે છે.

ગાંધીનગરની પ્રતિષ્ઠિત કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા જર્નાલિઝમમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના અભ્યાસને ધ્યાને લઈ ઓનલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. પત્રકારત્વ ક્ષેત્રે વિવિધ વિકલ્પો હોય છે ત્યારે નવા વિદ્યાર્થીઓએ પોતાનું ભવિષ્ય પત્રકારત્વ ના કયા ક્ષેત્રમાં આગળ વધારવું? પસંદિત ક્ષેત્રમાં યોગ્ય દિશા મેળવવા શું કરવું? જેવા પ્રશ્નોના નિરાકરણ માટે યોગ્ય માર્ગદર્શનની સાથે વિદ્યાર્થીઓને પોતાનું ધ્યેય નક્કી કરવામાં સરળતા રહે તે હેતુસર ગુજરાત રાજ્ય ઉપરાંત અન્ય રાજ્યો નાં નિષ્ણાંતો અને પ્રખ્યાત વ્યાખ્યાતાઓ દ્વારા વ્યાખ્યાન ગોઠવી વિદ્યાર્થીઓને માર્ગદર્શીત કરવામાં આવે છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગ દ્વારા 'પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દીની તકો' વિષય પર વેબિનાર યોજવામાં આવ્યો હતો. એ વિષયનાં અનુસંધાને દિલ્હીની નામાંકિત એ.પી.જે ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન નાં એસોસિએટ પ્રોફેસર અને પ્રોગ્રામ ડિરેક્ટર પ્રો. પિજુષ દત્તાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વિદ્યાર્થીઓનાં કારકિર્દી અંગેની વાત કરતાં તેમણે પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક્સ મીડિયા, ડિજિટલ મીડિયા માં વિવિધ તકોની માહિતી સાથે વિદ્યાર્થીઓને પત્રકારત્વ ક્ષેત્રે રહેલા વિકલ્પો જેવા કે રિપોર્ટર, સંવાદાતા, લેખક, વિવેચક, સંપાદક, નિરીક્ષણ પત્રકાર વિશેની સંપૂર્ણ માહિતી આપતા પત્રકારત્વ માટે જરૂરી કુશળતાઓ જેવી કે સારું લેખન, સંપાદન, કોમ્પ્યુટર કૌશલ્ય, રાજકારણ અને સામાજિક ન્યાય વિશેના જ્ઞાન સાથે ત્રણ ભાષાઓ પરનાં પ્રભુત્વ વિશે પણ ઘણી માહિતી આપી હતી. જાહેરાત એજન્સીઓમાં 'ક્રિએટિવ ડિરેક્ટર' તરીકે પોતાનો ૨૦ વર્ષથી વધારે નાં અનુભવોના આધારે મિડીયામાં જાહેરાતોની જરૂરીયાત વિશેની ખાસ અને સંપૂર્ણ માહિતી આપી હતી. તેમણે પત્રકાર માટે ખુબ જ જરૂરી મહત્વના એકમો સંશોધન (રિસર્ચ), અવલોકન (ઓબઝર્વેશન), આયોજન (પ્લાનિંગ), અમલીકરણ (એક્ઝીક્યુશન) વિશેની સંક્ષિપ્ત માહિતી આપી હતી.

વેબિનારના અંતમાં વિદ્યાર્થીઓએ પોતાના પસંદગી ક્ષેત્ર માટેના કારકિર્દીલક્ષી પ્રશ્નો પૂછ્યા હતા. જેમાં તેમણે સુંદર અને સંતોષકારક જવાબ આપ્યા હતા.

# સદ્‌ગત પ્રણવ મુખર્જીના માનમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક

ગાંધીનગર,તા. ૧

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી સ્વ. પ્રણવ મુખરજીના દુઃખદ અવસાનના શોકમાં, સદગતના માનમાં ભારત સરકારે તા.૩૧ ઓગસ્ટથી તા.૬ સપ્ટેમ્બર-૨૦૨૦ સાત દિવસનો રાષ્ટ્રવ્યાપી શોક જાહેર કર્યો છે.

ભારત સરકારની આ શોક જાહેર કરવાની સૂચનાને પગલે રાજ્ય સરકારના સામાન્ય વહિવટ વિભાગે પણ ગુજરાતમાં આ શોક પાળવા અંગેના આદેશો જારી કર્યા છે.



તદઅનુસાર, રાજયમાં જે સરકારી ભવનો-ઈમારતો પર નિયમીતપણે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે તે આ રાષ્ટ્રવ્યાપી શોકના સમયગાળા તા.૩૧ ઓગસ્ટથી તા.૬ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી અડધી કાઠીએ ફરકાવવાના રહેશે.

એટલું જ નહિ, આ દિવસો દરમ્યાન કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમો પણ યોજી શકાશે નહીં.

# ચિલોડા ગણેશોત્સવ પૂર્ણાહૂતિ પ્રસંગે ઘરઆંગણે શ્રીજીની માટીની મૂર્તિનું વિસર્જન કરાયું



ચિલોડા, તા. ૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામમાં આ વર્ષે દર વર્ષની પરંપરા મુજબ ગણેશોત્સવ નિમિત્તે ઠેર ઠેર ગામના વસાહતીઓ દ્વારા કોરોના મહામારીના લીધે પ્રકૃતિ અને પર્યાવરણનું જતન અને સંરક્ષણના ચાહકોએ હસમુખભાઈ પટેલના નિવાસ સ્થાને માટીના ગણેશજીની સ્થાપના વિધિવત કરી. અગિયાર દિવસ સુધી પૂજા - અર્ચના - આરતી - ગણેશવંદના શ્રદ્ધાભેર પર્વની ઉજવણી કરી હતી.

ગણેશોત્સવની પૂર્ણાહૂતિ પ્રસંગે ઘર આંગણે મોટા તપેલામાં પવિત્ર જળ ભરી ગુલાબના ફુલની પાંખડીઓ સાથે પિત્તળની ચારણી - દ્વારા જળધારાનો અભિષેક કરી જયઘોષ સાથે ભક્તજનોની ઉપસ્થિતિમાં રાજુભાઈ રાવલે શ્રદ્ધાભેર શ્રીજીનું ભાવપૂર્ણ વિસર્જન કર્યું હતું.

# જ્ઞાન એ શું છે? શા માટે ઉપલબ્ધ કરવું...

વેદાંતના પ્રખર પુરસ્કર્તા આચાર્ય શંકર જ્ઞાનને મુક્તીનુ સાધન માને છે, તેઓ જ્ઞાનની ઉપલબ્ધી વિના મોક્ષ સંભવ જ નથી, અને જગતમા દરેક માણસના જીવનનો અંતીમ ધ્યેય મોક્ષ પ્રાપ્ત કરવાનો જ હોય છે, તેમ સ્પષ્ટ કહે છે ,અને જ્ઞાન જેવી પવિત્ર ચીજ આ દુનિયામા બીજી કોઈ જ નથી, અને જ્ઞાન જીવનમા પરમ શુધ્ધતા પ્રાપ્ત થતા જ આત્મામાથી ઉપલબ્ધ થાય છે, અને આત્મા અસંગ અને જ્ઞાન સ્વરુપ છે, પરમ શુધ્ધતા પ્રાપ્ત થતા જ આત્મામા સ્થીર થઈ જ શકાય છે અને આત્મજ્ઞાન ઉપલબ્ધ થાય છે.

આપણા ધર્મોના પંથો અને સંપ્રદાયો હમેશા ટુકુ જ લાભ યુકત હોય તેવુ જ વિચારે છે,અને તેની સિધ્ધી એજ સિધ્ધી છે, તેમ માને છે, અને તેને અનુરુપ આચરણ છે, પદાર્થની પકડ્થી મુક્ત થવાનુ સ્વપ્ન પણ આવતુ નથી , આંતરીક પરમ શુધ્ધતા અને સ્થીરતા પ્રાપ્ત કરવા તેની પાસે વિધી વિધાન જ હોતા નથી કે તેની વિચારણામા વિશાળતા નિસ્વાર્થતા લોભ રહીતતા તેમ જ આત્મ જ્ઞાન આત્મા માથી ઉપલબ્ધ કરવાની કોઈ વિધિ વિધાન જ તેમની પાસે નથી.

આત્મ જ્ઞાન પ્રાપ્ત કરવાની લાંબી દ્રષ્ટીથી વિચારવા ટેવાયેલા જ નથી, લાભ લોભ અને અહંકાર યુક્ત માનસ ધરાવે છે, અને ભય ભ્રમ અને ભ્રમ જાળ ઉભી કરવા ટેવાયેલા છે, તેમને અમૃતમય જીવન ઉપલબ્ધ કરવામા જરા પણ રસ નથી, પણ પદાર્થની પકડ મજબુત કરવામા જ રસ હોય છે. તે સત્ય સ્વરુપ ધર્મ નથી, સત્ય સ્વરુપ આચરણ નથી કે સત્ય સ્વરુપ નિતી પણ નથી.

ગીતાએ સ્વધર્મમા અને સ્વભાવમા સ્થીર અને ત્રીગુણાતીત થવાથી ,મહાવીર ભગવાને જાતને જાણી આત્મામા સ્થીર થવા આત્મા એ જ પરમાત્મા છે, તેમા સ્થીર થવાથી. તો બુધ્ધ ભગવાને ધ્યાનની સાધના કરી શીલ સમાધી અને પ્રજ્ઞામા સ્થીર થવાથી, જ અમૃત મય જીવન ઉપલબ્ધ થાય છે.

આ ત્રણે મહામાનવો એ આંતરિક રીતે સાધના કરી પરમ શુધ્ધ થવાનુ અને આંતર સ્થીરતા પ્રાપ્ત કરવા અને પદાર્થની પકડથી મુક્ત થવા,કહ્યુ છે, આમ પરમ શુધ્ધ અને આંતર સ્થીર થતા જ તમામ પ્રકારના દુખોનો નાશ થાય છે, અને અમૃત મય જીવન ઉપલબ્ધ થાય છે, આનુ નામ જ સત્ય ધર્મમા સ્થીરતા છે,

આ ચારે મહા માનવોએ અમૃત મય જીવન માટે આંતર સાધના કરી પરમ શુધ્ધતા અને આંતર સ્થીરતા પ્રાપ્ત કરી ચિત્તમા જે પદાર્થની પકડ હોય છે. તેમાથી ટોટલી નિવૃત થઈ તેની મુક્તી પ્રાપ્ત કરી ને, જીવનના તમામ વ્યવહારો અને આચરણો ચિત્તમાથી કર્તૃત્વનો ત્યાગ કરીને તમામ કર્યે જ જવા, આજ સત્ય સ્વરુપ ધર્મનુ આચરણ છે, સત્યસ્વરુપ આચરણ છે, અને સત્ય સ્વરુપ નિતી છે, એમ કહ્યુ છે, આનુ નામ જ સત્ય સ્વરુપ તપ છે, આવુ આંતરીક તપ કરવાની કોઈ વિધી આજના ધર્મો કે સપ્રદાયો પાસે નથી, આવા તપનુ નામ જ સત્ય સ્વરુપ ત્યાગ છે , આવો પદાર્થની પકડથી મુક્ત થવુ તે ત્યાગ જ મુક્તી દાતા છે, માત્ર ઘર બાર છોડી આશ્રમો સ્થાપી પદાર્થની પકડ મજબુત કરવી તે ત્યાગ નથી, પણ દંભ છે, લોકોને છેતરવાની એક આબાદ રીત છે,અને કળા છે, આનાથી વિષેષ કાઈ જ નહી ,જ્યા પદાર્થની પકડ ચાલુ છે, ત્યા ત્યાગ નથી,

આવા શુધ્ધ પદાર્થની પકડથી મુક્ત તપમા સ્થીર થાવ એટ્લે તમો અમૃતમય જીવન જીવી જ શકો જ છો, ને મોક્ષને દરવાજે ઉભા જ છો, તે જાણો અને અનુભવો,અને અનુભુતી કરો ,બિજુ કાઈ જ લોભ યુક્ત પદાર્થની પકડ મજબુત કરવા પ્રવૃતિ કરવાની જરુર નથી,

ખરેખર માણસે જીવનમા ક્યાય પણ ભટ્કવાની જરુર નથી , ભટકવાથી માત્ર ને માત્ર ભય, ભ્રમ અને ભ્રમ જાળમા સ્થીર થવાય છે, જે તેતો ચિતા દુખ ઉદ્વેગના ઉત્પાદનના કારખાના છે,અને કટ્ટરતાનુ વાવેતર કરે છે,અને પદાર્થની લણણી જ કરે છે, અને પદાર્થની પકડ મજબુત કરે છે, આનાથી વિષેશ કશુ જ નથી, એટ્લુ શુધ્ધ મન અને બુધ્ધી દ્વારા જાણો અનુભવો ,મહેરબાની કરી માનીને ચાલો જ નહી, ત્યા ઊંડો ખાડો છે

- તત્વચિંતક વિ.પટેલ



શ્રી જે. એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય સેક્ટર- ૭ દ્વારા નાના ભૂલકાઓ વૃક્ષોનું મહત્વ સમજે અને તેના ઉપયોગ વિશેની માહિતી આચાર્ય મીનાબેન, ઈજુબેન તેમજ મંજુલાબેન એમ ચૌધરીએ વિડિઓ દ્વારા તેમજ ફોન દ્વારા સમજાવી વૃક્ષો કેમ, કેવી રીતે વવાય તેની માવજત કેમ કરવી તે પણ સમજ આપી હતી. બાળકોએ નાના રોપા લાવી મંજુલાબેનના માર્ગદર્શન હેઠળ રોપા વાવ્યા.

## જન્મદિને વધામણી



ધનંજય આર. જોષી
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



ડી આર ભટ્ટ
મો. ૯૨૨૭૨ ૮૯૨૫૧



શાંતાબેન ડીએમ પરમાર
મો. ૯૧૦૪૫ ૮૦૨૫૫



ભવ્ય ભાગ્યેશ પારેખ
મો. ૯૨૭૪૦ ૯૩૯૯૧



ગોપાલ એસ પરમાર
યુથ રેડક્રોસ



જનક પુરોહિત
યુથ રેડક્રોસ



સુતરિયા મોક્ષિત નિશાંત



પટેલ પાર્થી રોશનભાઈ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક